RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 230* Date: 10.06.2023, Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ઔરંગઝેબના પોસ્ટર વિવાદ પર

# પોસ્ટર લગાવનારાઓને ઠોકી મારો : સંજય રાઉત



મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં ઔરંગઝેબના વખાણ કરતા વોટ્સએપ સ્ટેટસ પોસ્ટ કરવાને લઈને હિંસા થઈ હતી. જો કે આ હિંસા બંધ થઈ ગઈ છે, પરંતુ હવે આના પર રાજકીય લડાઈ શરૂ થઈ ગઈ છે. છૈંસ્ ચીફ અસદુદ્દીન ઓવૈસી બાદ હવે આ વિવાદ પર ઉદ્ધવ જૂથના શિવસેનાના નેતા સંજય રાઉતની પ્રતિક્રિયા સામે આવી છે. તેમણે કહ્યું કે પોસ્ટર લગાવનારાઓને ઠોકી દેવા જોઈએ, જેમ યુપીમાં કરી રહ્યા છે.કોલ્હાપુરમાં વોટ્સએપ સ્ટેટસમાં મુગલ બાદશાહ ઔરંગઝેબની તસવીર સાથે વાંધાજનક ઓડિયો પણ લગાવવામાં આવ્યો હતો જે બાદ હિંદુ સંગઠનોએ જોરદાર પ્રદર્શનનું આયોજન કર્યું હતું અને છત્રપતિ શિવાજી મહારાજ ચોકમાં એકઠા થઈને હંગામો કર્યો હતો. સંજય રાઉતે હિંસા માટે ભાજપને જવાબદાર ગણાવ્યું હતું. તેમણે કહ્યું કે કોલ્હાપુરમાં જે રીતે રમખાણો ફાટી નીકળ્યા કે ભડકાવવામાં આવ્યા તેની પાછળ કોણ છે? ઔરંગઝેબ જેને આપણે ૪૦૦ વર્ષ પહેલાં મહારાષ્ટ્રમાં દફનાવ્યો હતો. તેને રાજકીય લાભ માટે જીવતો કરવામાં આવી રહ્યો છે કારણ કે કર્ણાટકમાં બજરંગ બલીનો જાદુ ચાલ્યો નહીં, તેથી હવે ઔરંગઝેબને લઈને રાજકારણ કરી રહ્યા છે. આ માટે ભાજપ જવાબદાર છે.પોલીસે પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે ઉપદ્રવ કરવાવાળા પર લાઠીચાર્જ કર્યો અને ટીયર ગેસના શેલ છોડ્યા અને દેખાવકારોનો ઘટનાસ્થળેથી પીછો કર્યો હતો. પોલીસે હિંસાના સંબંધમાં ત્રણ કેસ નોંધ્યા છે અને ૩૬ લોકોની ધરપકડ કરી છે. બીજી તરફ સ્ટેટસ મુકવાના મામલે પોલીસે બે કેસ નોંધ્યા છે. આ કેસમાં પોલીસે ૫ સગીરોની અટકાયત કરી છે. પોલીસ એ જાણવાનો પ્રયાસ કરી રહી છે કે આ વિદ્યાર્થીઓને આવું કરવા કોણે કહ્યું?

આ સમગ્ર વિવાદમાં ઓવૈસીએ કહ્યું કે જો ફોટો પાડવો એ ગુનો છે તો જણાવો કે ભારતીય દંડ સંહિતાની કઈ કલમમાં આ ગુનાનું વર્ણન કરવામાં આવ્યું છે. તેમણે કહ્યું કે જેમ તમે પ્રતિબંધિત યાદી બહાર પાડી છે, તેવી જ રીતે પ્રતિબંધિત નામોની યાદી બનાવો અને જાહેરાત કરો કે કોઈનું નામ અસદુદ્દીન ઓવૈસી ન હોઈ શકે કારણ કે તે ઉશ્કેરણીજનક ભાષણો આપે છે. ઓવૈસીએ કહ્યું કે ભાજપે એ પણ જાહેરાત કરવી જોઈએ કે ગોડસે, આપ્ટે, ??મદનલાલના નામ પ્રતિબંધિત યાદીમાં નહીં હોય કારણ કે તેઓ પ્રિય છે. ઓવૈસીએ વધુમાં કહ્યું કે ભાજપ મહારાષ્ટ્રમાં ઈસ્લામને બદનામ કરી રહી છે અને આરોપ લગાવ્યો કે આગામી વર્ષે યોજાનારી લોકસભાની ચૂંટણી પહેલા મહારાષ્ટ્રમાં રમખાણ કરાવવાનું બીજેપીનું કાવતરું છે. છૈંસ્ના વડાએ કહ્યું કે ફડણવીસ કોને ઔરંગઝેબનો પુત્ર કહી રહ્યા છે? એવો પ્રશ્ન પૂછતાં તેમણે કહ્યું કે ફડણવીસે જણાવવું જોઈએ કે ગોડસેનો પુત્ર કોણ છે?મહારાષ્ટ્રના ડેપ્યુટી સીએમ દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે ઔરંગઝેબ વિરુદ્ધ ગોડસે કરનાર ઓવૈસીએ યાદ રાખવું જોઈએ કે તેમની પાર્ટીના નેતાએ અહમદનગરમાં ઔરંગઝેબનું પોસ્ટર લહેરાવ્યું હતું. આ પછી જ ૫ સગીરોએ ઔરંગઝેબનો ફોટો વોટ્સએપ સ્ટેટસ પર મૂક્યો હતો. મહારાષ્ટ્રમાં ૪૦૦ વર્ષ બાદ મુઘલ બાદશાહને તેમની કબરમાંથી બહાર કાઢવાનો પ્રયાસ કરવાવાળા પણ ઓવૈસીની પાર્ટીના જ હતા. એક સમયે છૈંસ્ નેતાએ ઔરંગાબાદમાં ઔરંગઝેબની કબરની પ્રશંસા કરી હતી. હવે તે મહારાષ્ટ્ર સરકાર અને ભાજપ પર મુસ્લિમોને બદનામ કરવાનો આરોપ લગાવી રહ્યા છે.

## અમેરિકાના ઈતિહાસનો આ કાળો દિવસ, વધુ એક કેસમાં ફસાતા ડોનાલ્ડ ટ્રમ્પે નારાજગી વ્યક્ત કરી

અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મુશ્કેલીઓ સતત વધતી જઈ રહી છે. હવે ગુપ્ત દસ્તાવેજોથી જોડાયેલા એક મામલામાં ટ્રમ્પની સામે કેસ ચાલશે. ટ્રમ્પ પર આરોપ છે કે, વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ પણ ટ્રમ્પએ ઘણા બધા ગુપ્ત દસ્તાવેજો તેમની પાસે રાખ્યા હતા સાથે ખોટા આક્ષેપો પણ કર્યા. તપાસ એજન્સીઓએ ટ્રમ્પ વિરુદ્ધ સાત કેન્દ્રીય અપરાધિક કેસ નોંધ્યા છે.ડોનાલ્ડ ટ્રમ્પે ટ્રૂથ સોશિયલ મીડિયા પ્લેટફૉર્મ પર જણાવ્યું કે, તેમને મિયામી સંઘીય અદાલતમાં મંગળવારે હાજર થવા માટે સમન મળ્યું છે. અહેવાલ અનુસાર નેશનલ આર્કાઈવે ટ્રમ્પનું વ્હાઈટ હાઉસ છોડ્યા બાદ તેમની પાસેથી અને ટીમ પાસેથી રાષ્ટ્રપતિ રેકૉર્ડ સાથે જોડાયેલા દસ્તાવેજો પાછા આપવાની માંગ કરી હતી. જોકે ઘણા મહિના પછી આશરે ૨૦૦ ગુપ્ત દસ્તાવેજો પરત કરાયા. એફબીઆઈએ ઓગસ્ટ ૨૦૨૨માં ટ્રમ્પની માલિકીની જગ્યાઓ પર તાપસ હાથ ધરી હતી. જેમાં એફબીઆઈને ૧૦૦થી વધારે શંકાસ્પદ દસ્તાવેજો મળ્યા હતા. ટ્રમ્પના વિરુદ્ધ જે આરોપ લાગ્યા છે, એમાંથી એક કાવતરું ઘડવાનો આરોપ પણ શામેલ છે.

તેની સાથે નવા કેસ નોંધાયા પછી ટ્રમ્પે તેના વિશે નારાજગી વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં ટ્રમ્પે લખ્યું કે 'તેમણે ક્યારેય વિચાર્યું નહોતું કે અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ સાથે ક્યારેય આવી બાબતો થશે! જે વ્યક્તિને અત્યાર સુધીના તમામ રાષ્ટ્રપતિઓના મુકાબલે સૌથી વધુ મત મળ્યા અને હજુ પણ વર્તમાન રાષ્ટ્રપતિ કરતાં વધુ લોકપ્રિય છે, તેમની સાથે આવું થઈ રહ્યું છે. હું



નિર્દોષ છું.'ટ્રમ્પે કહ્યું કે 'આ અમેરિકાના ઈતિહાસનો કાળો દિવસ છે. એક દેશ તરીકે આપણે ઝડપથી અધોગતિ કરી રહ્યા છીએ, પરંતુ સાથે મળીને આપણે અમેરિકાને ફરી મહાન બનાવીશું.' ઉલ્લેખનીય છે કે ડોનાલ્ડ ટ્રમ્પે ૨૦૨૪ની રાષ્ટ્રપતિની ચૂંટણીમાં ફરી દાવેદારી નોંધાવી છે. જો કે ભૂતકાળમાં યૌન શોષણના એક કેસમાં તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો. હવે ગોપનીય દસ્તાવેજો સંબંધિત કેસમાં પણ તેઓ ફસાતા જોવા મળી રહ્યા છે.

## અમરનાથ યાત્રા પર આતંકી હુમલાની આશંકા, અમિત શાહે બોલાવી ઉચ્ચ સ્તરીય બેઠક

જમ્મુ અને કાશ્મીરમાં આગામી અમરનાથ યાત્રાની તૈયારીઓ અને સુરક્ષા વ્યવસ્થાઓની સમીક્ષા કરવા માટે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે આજે ઉચ્ચ સ્તરીય બેઠક બોલાવી છે. અમરનાથ યાત્રા ૧ જુલાઈથી શરૂ થશે અને ૩૧ ઓગસ્ટ સુધી ચાલશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ આ વર્ષે પણ યાત્રાને લઈને આતંકી હુમલાની શક્યતા છે.અમરનાથનું પવિત્ર ગુફા મંદિર દક્ષિણ કાશ્મીર હિમાલયમાં ૩,૮૮૦ મીટરની ઉંચાઈ પર



આવેલું છે. ગયા વર્ષે ૩.૪૫ લાખ લોકોએ મુલાકાત લીધી હતી. આ વર્ષે આ આંકડો ૫ લાખ સુધી જઈ શકે છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહમંત્રી અમિત શાહ કેન્દ્ર સરકાર અને જમ્મુ-કાશ્મીર પ્રશાસનના ઉચ્ચ અધિકારીઓ સાથે અમરનાથ યાત્રાની તૈયારીઓની સમીક્ષા કરશે. તેમણે કહ્યું કે, શાહ મુલાકાત માટે યોગ્ય તૈયારીઓ સુનિશ્ચિત કરવા માટે ચાલી રહેલી યોજનાઓનો પણ ધ્યાને લેશે. તીર્થયાત્રા સાથે જોડાયેલા અન્ય લોકો પણ આ બેઠકમાં હાજરી આપે તેવી શક્યતા છે.સૂત્રોના જણાવ્યા અનુસાર, પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠનો તીર્થયાત્રામાં વિક્ષેપ પાડવાનો પ્રયાસ કરી શકે છે. તેમની નાપાક યોજનાઓને નિષ્ફળ બનાવવા માટે પૂરતા પ્રમાણમાં સુરક્ષા દળો તૈનાત કરવામાં આવશે.

## મોદી સરકારે ખાદી ઉદ્યોગમાં રચી દીધો ઈતિહાસ, ૯ વર્ષમાં ખાદીનું વેચાણ ૩૩૨ ટકા વધ્યું

નવીદિલ્હી,તા.૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ એ આત્મનિર્ભર ભારત અભિયાનને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યું છે. ખાદી અને ગ્રામઉદ્યોગ આયોગ દ્વારા વિશ્વ સમક્ષ ભારતની એક બુલંદ તસ્વીર રજૂ કરવામાં આવી છે અને સ્વતંત્ર ભારતના ઈતિહાસમાં પ્રથમ વખત ખાદી પ્રોડક્ટસનું ટર્નઓવર ૧.૩૪ લાખ કરોડને પર કરાવી દીધું છે.

લોકોમાં જાગૃતિને પગલે છેલ્લા ૯ વર્ષમાં ગ્રામીણ વિસ્તારોમાં કારીગરો દ્વારા બનાવવામાં આવેલ સ્વદેશી ખાદી ઉત્પાદનના વેચાણમાં ૩૩૨ ટકાનો અદભુત વધારો થયો છે. નાણાકીય વર્ષ



૨૦૧૩,૧૪ની વાત કરવામાં આવે તો જ્યાં ખાદી અને ગ્રામ ઉદ્યોગનું ટર્નઓવર માત્ર ૩૧૧૫૪ કરોડ હતું. તે નાણાકીય વર્ષ ૨૦૨૨, ૨૩ માં વધીને ૧,૩૪,૬,૩૦ના અત્યાર સુધીના સૌથી સર્વોચ્ચ સ્થાન સુધી પહોંચી ગયું છે. ખાસ વાત એ છે કે ખાદી અને ગ્રામ ઉદ્યોગ આયોગ દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં ૯,૫૪,૮૯૯ નવી નોકરીઓનું સર્જન કરી અને રેકોર્ડ સર્જી દીધો છે. આ મામલે આયોગના અધ્યક્ષ મનોજ કુમારે સિદ્ધિનો શ્રેય રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની પ્રેરણા,પીએમ મોદીની બ્રાન્ડ પાવર અને દેશના ગામડાઓમાં કામ કરતા કારીગરોની મહેનતને આપ્યો હતો.

૨૦૧૩, ૧૪માં ખાદીનું ઉત્પાદન ૨૬,૧૦૯ હતું તે ૨૦૨૨,૨૩માં ૨૬૮ ટકાના હનુમાન કુદકા સાથે ૯૫૯૫૭ કરોડ સુધી પહોંચી ગયું છે. બીજી બાજુ વેચાણ ૨૦૧૩, ૧૪માં ૩૧૧૫૩ હતું જે ૨૦૨૨, ૨૩માં૧, ૩૪,૬૩૦ કરોડ સુધી પહોંચી ગયું છે. કપડા ઉત્પાદનમાં પણ વધારો થયો છે. ૨૦૧૩, ૧૪માં જે ઉત્પાદન ૮૧૧ કરોડનું હતું તે હવે ૨૯૧૬ કરોડને પર કરી ગયું છે. બીજી બાજુ આ કપડાની માંગ પણ વધી છે.

## અમેરિકાની જાસૂસી માટે ચીન ક્યુબાનો ઉપયોગ કરશે, જાસૂસી સેન્ટર ઉભુ કરવાની યોજના



અમેરિકાની જાસૂસી સંસ્થાઓએ ખુલાસો કર્યો છે કે, ચીન બહુ જલ્દી ક્યુબામાં એક જાસૂસી સેન્ટર સ્થાપશે. અમેરિકાના ફ્લોરિડાથી માત્ર ૧૦૦ માઈલ દુર આવેલા ક્યુબના ટાપુ પર આ સેન્ટર સ્થપાશે. આ માટે ક્યુબા અને ચીન વચ્ચે ગુપ્ત સમાધાન થયુ છે. હજી સ્પષ્ટ નથી થયુ કે આ સેન્ટરનુ બાંધકામ ચીને શરૂ કરી દીધુ છે કે નહી. જોકે અમેરિકાના દાવાનુ ક્યુબાએ ખંડન કર્યુ છે અને કહ્યુ છે કે, આ વાતમાં કોઈ તથ્ય નથી. અમેરિકાના દરિયા કિનારા નજીક ચીન ખતરો ઉભો કરી રહ્યુ છે અને તેના કારણે બંને દેશ વચ્ચે પહેલેથી ખરાબ સબંધ વધારે ખરાબ થશે તે નક્કી છે.

**નામ બદલેલ છે.**

મારા પુત્રનું નામ સુણસરા કેચાન વસીમ બદલીને કેચાન માજેદા ચારોલીયા રાખેલ છે.
માજેદા અબુલકાસીમ ચારોલીયા

સરનામુંઃ જેનીબિયા નગર
મુઃ કાણોદર તાઃ પાલનપુર
જીઃબનાસકાંઠા.૩૮૫૫૨૦

**નામ બદલેલ છે**

મારું નામ સુણસરા માજેદા વસીમ બદલીને માજેદા અબુલકાસીમ ચારોલીયા રાખેલ છે.

સરનામુંઃ જેનીબિયા નગર
મુઃ કાણોદર તાઃ પાલનપુર
જીઃબનાસકાંઠા.૩૮૫૫૨૦

## તંત્રી લેખ......

# યુરોપના વધુ ૨૦ દેશોમાં મંદીના પગરણ: ભારત પર અસર થશે

વિશ્વ પર છવાઈ રહેતા મંદીના વાદળો વચ્ચે યુરોપ ઝોનના સૌથી મોટા અને વિશ્વના ચોથા નંબરના અર્થતંત્ર ગણાતા જર્મનીમાં સતત બે કવાટર વિકાસ દર નેગેટીવ ઝોનમાં જતા હવે આ દેશ મંદીમાં પ્રવેશી ગયો હોવાનું જાહેર થયું છે અને હવે યુરોપના બાકીના દેશોના યુરોઝોનમાં પણ અર્થતંત્ર ૦.૧% ઘટતા જ આ દેશોમાં ચિંતા વધી ગઈ છે.

રશિયાના યુક્રેન પરના આક્રમણ ગઈકાલે યુરોપમાં ઈંધણ સહિતના ભાવમાં વધારો થતા ફુગાવો પણ ખૂબજ ઉંચો ગયો છે અને તે સ્થિતિમાં આર્થિક ગતિવિધિ પણ ધીમી પડતા અર્થતંત્ર પર બેવડી અસર થઈ છે.

યુરોઝોનના ૨૦ દેશોનું અર્થતંત્ર આ રીતે ખરાબ રીતે પ્રભાવિત થવા લાગ્યું છે. જો કે યુરોપના દેશોએ મંદી સામે હથિયાર હેઠળ મુકવાને બદલે હવે મંદી સામે પોલીસી સપોર્ટ ચાલુ રાખવાનો નિર્ણય લીધો છે. યુરોઝોનમાં જાન્યુઆરી-માર્ચના સમયગાળામાં સરકારી અને હાઉસહોલ બન્ને ખર્ચમાં મોટો ઘટાડો થયો છે. જર્મનીના નેગેટીવ-આઉટલુક બાદ યુરોઝોનના બીજા દેશો ગ્રીસ તથા આર્યલેન્ડમાં પણ જીડીપીમાં ઘટાડો થયો છે અને ઈસ્ટોનીયા ૨૦૨૧ના અંત બાદ તેના ઈકોનોમીમાં વૃદ્ધિ સર્જી શકયું નથી તો યુરોઝોનના ત્રણ દેશો લીથુનિયા, માલ્ટા અને નેધરલેન્ડમાં પણ ૨૦૨૩ના પ્રથમ કવાર્ટરમાં વિકાસદર ઘટયો છે. યુરોપના આ ૨૦ દેશોની મંદીની અસર ભારતમાં પણ થવા લાગી છે અને યુરોઝોન ભારતની પરંપરાગત નિકાસને બ્રેક લાગી છે.

જેના કારણે ભારતમાં પણ રોજગાર પર અસર થશે. ખાસ કરીને ઉતરપ્રદેશમાં જે રીતે વારાણસીના કાલીન નિકાસના ઓર્ડર ૫૦% ઘટી ગયા છે. દર વર્ષે રૂા.૧૨૦૦ કરોડના ઓર્ડર એકલા યુરોપમાંથી મળતા હતા તે હવે સાવ તળીયે પહોંચ્યા છે. મેરઠમાં હેન્ડલુમ તથા ખેલકુદના સામાનનો કારોબાર ૨૫-૩૦% ઘટી ગયો છે. કાનપુરમાં ચામડાના ઉત્પાદનની માંગ ૨૫% ઘટી છે. આગ્રામાં સ્ટોન હેન્ડીક્રાફટમાં ૩૦% ઓર્ડર ઘટાડો થયો છે અને હવે યુરોપમાંથી ખાસ કરીને ભારતના શિયાળા સમયમાં ઓકટો-ફેબ્રુઆરીની જે ટુરીસ્ટ સીઝન છે તેને પણ અસર થશે.

# આત્મનિર્ભર લોન માં બેંકો અને સરકાર વચ્ચે ખેંચતાણ.....કોણ જવાબદાર?

કોરોના સમય દરમિયાન ગુજરાત સરકારે પ્રજાના આર્થિક મદદ કરવાના ભાગરૂપે મોટે ઉપાડે તમામ કોઓપરેટીવ સેક્ટરની બેંકોને આત્મ નિર્ભર લોન ૩૬ મહિના ની મુદતની તેમના ખાતેદારોને આપવાનું કહ્યું હતું જેમાં સરકાર તરફથી ૬ ટકા વ્યાજની રકમ બેંકોને ચૂકવવાની રહે છે ટોટલ ૮ ટકાની લોન જેમાં ગ્રાહક ને માત્ર બે ટકા માં વાપરવા મળે..એક લાખ થી અઢી લાખ સુધીની બીજી આત્મા નિર્ભર લોન માં કુલ ૮ પ્રમાણે બેન્કોએ ગ્રાહકો ને લોન આપવાની હતી જેમાં ૪ ટકા સરકાર ચૂકવે અને ૪ ટકા બેંક ભોગવે... અને આમ પ્રજાને આર્થિક ભારણ ઓછુ કરવા એક લાખ રૂપિયાની અને અઢી લાખ સુધીનું આ લોન આપવાનું સરકારે જે કહ્યું હતું તેમાં હવે મોટા ભાગની લોનો પૂરી થવાના છેલ્લા તબક્કામાં છે જેને પણ લોનો લીધી છે તે લોકોએ મોટાભાગના હપ્તાઓ પણ બધા ભરી નાખ્યા છે પરંતુ બેંકોના અધિકારીઓને આ બાબતે પૂછતા માલુમ પડ્યું છે કે તેઓએ ખાતેદારો ની માહિતી સાથે અત્યાર સુધીમાં બે ત્રણ વાર ફાઈલો અપાઈ ચૂક્યા છે..સરકાર માં ખોવાઈ ગઈ છે તેવા જવાબ સરકારી અધિકારીઓ બેંકો ના અધિકારીઓ ને અપાડ છે.. સરકારમાં . દર ત્રણ મહિને બેંકોને જે ૬% વ્યાજની રકમ ચૂકવવાની હતી તે અંતર્ગત અમે દર ત્રણ મહિને અમારી ફાઈલો પણ રજીસ્ટરમાં જમા કરાવતા હતા પણ મોટાભાગની બેન્કોને હજુ સુધી છેલ્લા એક દોઢ વર્ષથી કોઈ રકમ મળી હોય તેવું ક્યાંય સાંભળવામાં આવતુ નથી જેનાથી હવે બેંકો અને સરકારના રજીસ્ટાર અને ફાઇનાન્સ ડિપાર્ટમેન્ટ વચ્ચે આ બાબતની ગંભીર સમસ્યા ઊભી થનાર છે જેવું કો-ઓપરેટીવ સેક્ટરના બેંકના અધિકારીઓ સાથે ચર્ચા કરતા જાણવા મળેલ છે હવે આ બાબતે આપણા ભોપાભાઈ પટેલના રાજમાં હવે આ અંગે શું પગલાં લેવાય છે તે આવનારો સમય કહેશે એક હિ આગ જન ફરિયાદ....ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક બ્રેકિંગ

# કર્ણાટકમાં કોંગ્રેસનું કોકડું રાજુ રદીએ ઉકેલ્યું ???રાજુ રદીનો ધરખમ દાવો

" ગિરધરભાઈ. તમે જોયું ? આ ભાયડાના ભડાકા ?" ચાલતી ટ્રેન અટકાવવા માટે કોઇ મુસાફર સંકટની સાંકળ ખેંચે તેમ રાજુ રદીએ આવતાવેંત સવાલોની સાંકળ વીઝી!! રાજુ રદીએ સફેદ શર્ટ પહેરેલો. સફેદ ધોતી. કપાળમાં લાલ કંકુનો ચાંલ્લો કરેલ. અદલોઅદલ અલ્લુ અર્જુન જેવો લાગે. રાજુ રદીનો કલર પણ અમાસના ચંદ્ર જેવો ઉજળો! રાજુ રદી એકવાર ચેકસનું લાલ શર્ટ -કાળું પેન્ટ પહેરી લકી રેસ્ટોરેન્ટમાં ચા પીતો હતો. તેવામાં કોઇ અજાણ્યાએ ચંદન ચોર વિરપ્પન સમજી બરડામાં ધબ્બો મારેલો !! રાજુ રદી કર્ણાટકી મુંડો લાગે!! રાજુ રદી ચા પીતા ઓતરાઇ ગયેલો . રાજુ રદીને કોઇની મીઠી કે કડવી નજર ન લાગે એટલે કાન પાછળ કાળું ટપકું કરવાની પણ જરૂર નહી. રાજુ રદી અને ક્રિસ ગેઇલ રંગભ્રાતા એટલે કે કલરબ્રધર છે!!!

" રાજુ. હાશ મારા કલેજે ઠંડક થઇ. તારા માબાપ તારા લગ્ન કરવા વલવલતા હતા . અમને હવે રાહત થશે.તું પેંડા કેમ ન લાવ્યો ? મારે મેં મીઠું કરવું છું!!" મેં રાજુને અભિનંદન આપ્યા .

" શું તમે મારો કચરો કરો છો?? માત્ર પિસ્તાળીસ વરસનો કાચો કુંવારો છું.( પાકા કુંવારા કેટલા વરસના હોય તેની કલ્પના તમારા પર છોડું છું!! બાય ધ વે સલમાન પણ ફિફટી પ્લસ કુંવારો છે. સલમાન ખાન અને અટલ બિહારી બાજપાઇમાં એક સામ્યતા છે!! બંને કુંવારા છે , પણ બ્રહ્મચારી નથી!!) આખી વાતની મધર મેરી કરી નાંખી!!" રાજુ અકળાયો!!

" સોરી રાજુ. હવે મને કહે કે બે હજારની ક્રમશઃ નોટબંધી રિઝર્વ બેંકે તારા કહેવાથી કરી??" મો રાજુને સવાલના માધ્યમથી ભીડવ્યો.

" ગિરધરભાઇ. એમાં મારો કોઇ રોલ નથી. લોકોને શંકા જશે તો પણ મારી ધોલાઇ કરી નાંખશે!!" રાજુએ બે હજાર રૂપિયાની નોટની નોટબંધીના આરબીઆઇએ કરેલ નિર્ણયની જવાબદારી લેવાનો ઇન્કાર કર્યો!રાજુ . તે કયો ચમત્કાર કર્યો એ તો કહે!!" મો રાજુને વિનંતી કરી.

" ગિરધરભાઇ . આપણા દેશની દરેક વ્યકિતને પીએમ કે સીએમ થવું છે. શાળાના શિક્ષકો આ મહત્વાકાંક્ષાના ફૂગ્ગામાં હવા ભરે છે. તમે એક દિવસ માટે પીએમ કે સીએમ બની શું કરશો જેવા બેહૂદા અને વાહિયાત સવાલો કરે. છોકરાઓ પણ હવાઇ કિલ્લા ચણે!! આ બધું નાટક ચેટક સિનેમા બિનેમામાં સારું લાગે. નાયક ફિલ્મનાં અનિલ કપૂરે એક દિવસના મુખ્યમંત્રી બનીને શું કાંદા કાઢેલા ??" રાજુએ મને ફિલોસોફિકલ સમજણ આપી.

" રાજુ મુખ્યમત્રીની પોસ્ટ હવાહવાઇ જેવી છે. મહારાષ્ટ્રના એક મુખ્યમંત્રી રામારાવ આદિક દિલ્હીના હવાઇ મથકોથી મુખ્યમત્રી તરીકે મુંબઇ જવા ઉડાન ભરેલ. રામારાવ આદિકની ફલાઇટ મુંબઇ લેન્ડ થઇ ત્યારે રામારાવ આદિક ભૂતપૂર્વ મુખ્યમંત્રી બની ગયેલા. સ્વ. ચિમનભાઇ પટેલે ઇંદિરા ગાંધી જેવી કડક પ્રધાનમંત્રીને મળીને કહેલું કે આઇ વોન્ટ ટુ બી ચિફ મિનિસ્ટર. ઇંદિરા કંઇ જેવી તેવી લીડર ન હતી. ઇંદિરા ગાંધીના તાપથી ફફડતા હતા. ઇંદિરાની ઇચ્છા ઉપરવટ ચિમનભાઇ ધરાર મુખ્યમંત્રી બનેલા!!!" મેં રાજુને કહ્યું!!

" ગિરધરભાઇ. ભજનલાલ હરિયાણાના મુખ્યમંત્રી હતા. મુખ્ય મંત્રીની ખુરશીને બચાવવા આખેઆખા પક્ષને કોંગ્રેસમાં દૂધમાં સાકર ભળે તેમ ભેળવી દીધેલ . તેમ છતાં લોકો તેને આયારામ ગયારામ કહેતા હતા!! આંધ્ર પ્રદેશમાં સુપર સ્ટાર એનટી રામારાવ મુખ્યમંત્રી હતા. તેને દગો આપીને તેના જમાઇબાબુ ચંદ્રાબાબુ નાયડું મુખ્યમંત્રી બની ગયેલ. આપણે ત્યાં એક નેતા પત્રકારોને મુખ્યમંત્રીની ચેમ્બર દેખાડવા લઇ ગયેલ અને કોઇનું મિંઢળ કોઇના હાથે જ બંધાઇ ગયેલ.એક નેતા એલએલબીના સ્ટુડન્ટની જેમ બેઠેલા અને દિલ્હી હાઇ કમાન્ડે બગાસુ ખાતા પતાસું નહી પણ પકવાન ઠુંસી દીધેલો." રાજુએ વિગતોનો રસથાળ રજૂ કર્યો." રાજુ. કર્ણાટકનું કોકડું લાંબું ચાલ્યું. અમારા પક્ષમાં હાઇ કમાન્ડ ગમે તેવી કઠપૂતળી કે પપેટને સીએમની ખુરશીમાં બેસાડી દે. પછી પપેટ સીબીઆઈની જેમ સાહેબની ત્રિકાળ સંધ્યા અને મંગળા આરતી કરે. આવા બોનલેસ કે કમર વગરના સીએમને ભ્રષ્ટાચારના આરોપસર વાળીચોળીને મંત્રીમંડળ સહિત ડસ્ટબીનને હવાલે કરી દે!! જ્યારે સામેના પક્ષમાં ચૂંટણીમાં વિજય મળે પછી મુખ્યમંત્રી બનાવવામાં આલ્ફ્રેન્ડ હિચકોકના પિક્ચર જેવું સસ્પેન્સ ક્રિએટ કરે. ખરલમાં ઔષધ દ્રવ્ય ધૂંટાય તેમ સસ્પેન્સ લંબાયે જાય. નોનસેન્સ નોનસ્ટોપ ચાલે.નવા નવા ઉમેદવારો દાખલ થાય. અમુક ઉમેદવાર રીટાયર્ડ વીથ હર્ટ થાય!! છેવટે કોથળામાંથી બિલાડી કે ઉંદરડું કાઢે પાંચ વરય બાકીના તેને શાંતિથી રાજ કરવા ન દે!!" મે રાજુને કહ્યું!!

"ગિરધરભાઇ.કર્ણાટકનું કોકડું ઉકેલવા માટે મને મેડમ, રાગા અને ખડગે સાહેબે બોલાવ્યો હતો.બહું ખેંચતાણ, માથાકૂટ, મથામણ,રિસામણાં,મનામણા, થાબડભાણા કર્યા.સિધ્ધારામૈયા, ડી.કે.શિવકુમાર, પાટીલને મનાવતા નાકે દમ આવ્યો!!છેવટે તમે વર્તમાનપત્રમાં સમાચાર વાંચ્યા એ ઇતિહાસ છે. ખડગે અને શિવકુમાર અને સિધ્ધરામૈયા એકતા દર્શાવતો હાથમાં હાથ પરોવી ફોટો પડાવેલ છે તેની પાછળ મારો હાથ છે. મેં કરનાટકનું કોકડું ઉકેલ્યું એટલે સોનિયા મેડમે મારો આભાર માન્યો અને મને શાલ ઓઢાડી!!" રાજુએ હરખ કર્યો.

" રાજુ. આ તો મુથ્યમંત્રી અઢી વરસ અઢી વરસ રાખવાની ફોર્મ્યુલા અમલમાં મુકી છે.અપિતું , દિવસ- રાતના અલગ મુખ્યમંત્રી રાખી શકાય.ઉષા અને સંધ્યા માટે અલગ અલગ મુખ્યમંત્રી રાખી શકાય.કચેરી સમય પહેલાં અને કચેરી સમય બાદના મુખ્યમંત્રી રાખી શકાય!! શિયાળા, ઉનાળા અને ચોમાસા માટે અલગ મુખ્યમંત્રી રાખી શકાય. જાન્યુઆરીથી જૂન અને જુલાઈથી ડીસેમ્બર માટે અલગ મુખ્યમંત્રી રાખી શકાય. ગુજરાતમાં મૂળરાજસિંહ સોલંકી નામના રાજા થઇ ગયેલા. મૂળરાજે યોદ્ધા તરીકે ખ્યાતિ મેળવી હતી. તેમના મામા સામંતસિંહ ઘણીવાર નશામાં હોય ત્યારે તેને રાજા તરીકે નિયુક્ત કરતા અને શાંત થઈ જાય ત્યારે તેને પદભ્રષ્ટ કરી દેતા. એક મહત્ત્વાકાંક્ષી વ્યક્તિ તરીકે મૂળરાજ આ રીતે નિયમિત પણે નિરાશ થતા હતા. એક દિવસ જયારે નશામાં ધૂત સામંતસિંહે તેમને રાજા તરીકે નિયુક્ત કર્યા ત્યારે મૂળરાજે તેના મામાની હત્યા કરી અને કાયમી રાજા બનેલા એવી કિંવદંતી પ્રચલિત હતી. લીબુ ચમચા રમત મુજબ પણ મુખ્યમંત્રી બનાવી શકાય. સંગીત ખુરશી પધ્ધતિએ મુખ્યમંત્રી બનાવી શકાય. હાલમાં પણ આ પધ્ધતિ મુજબ મુખ્યમંત્રીને બેસાડવામા કે ઉછાડવામાં આવે છે!!" મેં રાજુને કહ્યં.મુખ્યમંત્રી બનાવવાની અવનવી તરકીબો સાંભળી રાજુ હતપ્રભ થઇ ગયો!!?

**ભરત વૈષ્ણવ.**

## હું વન વગડાનું ફૂલ

મારી શાને કાઢો ભૂલ
તમે શું જાણો મારું મુલ
મારા વાગશે તમને શૂલ
પૂછશો ના મારું કુળ
શોધશો ના કદી મૂળ
હું વન વગડાનું ફૂલ

★★★

ડાળીએ ઝુલતું સદા હસતું
પ્રકૃતિનું મીઠું ગાન ગાતું
વાયરા સંગે ઝોલાં ખાતું
સૂર્ય કિરણ સંગે ગેલ કરતું
વર્ષાની રિમઝિમમાં સ્નાન
કરતું
હું વન વગડાનું ફૂલ

★★

ખિલતું ત્યારે સદા હસતું
મુરઝાઉં ત્યારે હીબકાં ભરતું
હું વન વગડાનું ફૂલ

★★

સમયે ધરતી ખોળે ખરતું
ખીલવા કાજે માને ચુમતું
માટીમાં મિલવા થનગનતું
હું વન વગડાનું ફૂલ

★★

બાગ બગીચે જઈ લહેરાતું
માળીનું લાલન પાલન પામતું
શોભામાં અભિવૃદ્ધિ કરતું
ભૂલકાનું સદા મન હરતું
સુંદરીના સ્પર્શે રીઝાતું
ગૌરવથી સુંદરતા પોરસતું
બગિયાનું બની ઈઠલાતું

પરવિના ,કાકડીયા,અમેરીકા

# પશ્ચિમી સંસ્કૃતિનું ભારતીય સંસ્કૃતિ પર વર્ચસ્વ

આમતો આપણી ભારતીય સંસ્કૃતિ સર્વ શ્રેષ્ઠ છે જ . આપણી સંસ્કૃતિના દરેક ઉત્સવો હોય કે ખગોળ વિજ્ઞાન આધારિત કોઈ ઘટના વિશેની માહિતી હોય એ દરેકમાં આપણા ઋષિમુનિઓએ ખૂબ જ વૈજ્ઞાનિક દષ્ટિકોણ અપનાવી આપણને અર્પણ કરેલ છે. આપણાં ઋષિમુનિઓ વૈજ્ઞાનિક દષ્ટિ એ કેટલા જ્ઞાની હતા એ આપણે આજે જોઈ રહ્યા છીએ.આજે આપણે આપણી સંસ્કૃતિ તરફ ધ્યાન આપવાને બદલે પાચ્ચિમી સંસ્કૃતિને પ્રોત્સાહન આપીએ છીએ.આપણો દેશ અન્ય દેશો કરતા પણ ખૂબ જ વૈવિધતા ભર્યો છે. ભારતદેશમાં વિવિધ ધર્મો પાળતાં લોકોનો બહોળો સમુદાય છે. દરેક ધર્મના લોકો અલગ અલગ પોશાક ધારણ કરતા હોય છે.હિન્દુ ધર્મમાં પણ સંપ્રદાયો અલગ અલગ હોવાથી એમાં પણ વિવિધતા જોવા મળે છે.સ્ત્રી પુરુષના પોષાકો અલગ અલગ હોવાથી આપણને તરત જ ખ્યાલ આવી જાય છે કે આ વ્યક્તી આ સમાજ નો છે.જોકે હવે એ સંસ્કૃતિ પણ ધીરે ધીરે લુપ્ત થતી જાય છે.પણ હજુ મહદઅંશે જોવા મળે છે. અમુક જ્ઞાતિઓ એ ટકાવી રાખી છે.

દેશમાં અંગ્રેજી શાસશનનું ચલણ થયું ત્યારથી આપણા દેશમાં પશ્ચિમી સંસ્કૃતિએ આપણી સંસ્કૃતિ પર રીતસર નો એવો વર્ચસ્વ જમાવ્યુ છે હવે એમાંથી છૂટવું પણ લગભગ મુશ્કેલ થઈ ગયું છે.આપણે ત્યાં વહેલી સવારના પ્રભાતિયાં ગવાતા જ્યારે આજે એ પ્રભાતિયાં ક્યાંય ખોવાઈ ગયા.લોકો એક બીજાને મળતા ત્યારે જય શ્રી કૃષ્ણ કહેતા જ્યારે એની જગ્યા ગુડ મૉર્નિંગએ લઈ લીધી. સવારે લોકો જાગતા ત્યારે તેમજ રાત્રે સુતી વખતે પણ પ્રભુનું નામ લેતા હવે ગુડ નાઈટ કહી સુઈ જાય છે.જન્મ દિવસની ઉજવણી સવારે મંદિરમાં દર્શન કરી ઉજવતા જ્યારે આજે રાત્રે કેક કાપી જન્મ દિવસની ઉજવણી કરવામાં આવે છે.ભાષાની વાત કરીએ તો માતૃ ભાષાની જગ્યા પણ અંગ્રેજી ભાષા લઈ લીધી .દરેક વાતમાં અંગ્રેજી શબ્દનો ઉપયોગ કરરવામાં આવે જે છે.

આજે લોકો અંગ્રેજી ભણતર તરફ આકર્ષાયા છે.જોકે અંગ્રેજી વિશ્વવ્યાપી ભાષા હોવાથી એ પણ જરૂરી છે પણ એનો વધુ પડતો ઉપયોગ આપણી સંસ્કૃતિને નુકશાન કરતા પણ છે જ.આજે અંગ્રેજી ભણતા બાળકોના વાલીઓ ગર્વ અનુભવી રહ્યા છે. અંગ્રેજી કાવ્યો બોલતું આજનું બાળક ઝવેરચંદ મેઘાણી કે નામાંકીત કવિઓની કવિતા થી સાવ અજાણ છે. એને કદાચ એ પણ નથી ખબર હોતી કે આપણાં મહાન કવિઓ કેવી કેવી અદભુત રચનાઓ રચી ગયા છે.

જૂના જમાનામાં ઘર બનાવતી વખતે પણ ઘરનો ઉંબરો ફરજિયાત રાખવામાં આવતો જ્યારે પશ્ચિમી પદ્ધતિથી થતા આજના ઘર નિર્માણમાં ઉંબરો ગાયબ થતો જોવા મળી રહ્યો છે .તો પાણિયારું પણ ઘરની શોભાનો એક ભાગ હતો સાથે વાસ્તુ દૃષ્ટિ કોણ પણ હતો જે પણ હવે જોવા મળતો નથી. આપણાં દેશમાં વિવિધ ધર્મો હોવાથી દરેકના વસ્ત્રોપરથી જ્ઞાતિ ઓળખાતી .

જેમકે રાજસ્થાની પહેરવેશ ,કચ્છી રબારી પહેરવેશ કે અન્ય લોકો પોતાના પહેરવેશ પરથી ઓળખાતા.જ્યારે હવે એના પણ અંગ્રેજી ઘૂસી ગયું. લાંબો ઘુઘટો તાણતી મહિલા આજે માત્ર પોસ્ટરમાં જોઈ શકાય છે.

આજે યુવાવર્ગમાં પશ્ચિમી વસ્ત્રપરિધાનએ પણ પોતાની જગ્યા બનાવી લીધી છે . દરેક યુવાવર્ગ કે અવનવા વસ્ત્રો પહેરતો થયો છે. ક્યાંક વસ્ત્ર પરિધાન પણ મર્યાદા વટાવી ચૂકેલ હોય એવા પણ જોવા મળે છે .

હવે પચ્ચિમના લોકો આપણી સંસ્કૃતિ અપનાવતા થયા છે .જે આપણે સોશિયલ મીડિયા મારફત નિહાળીએ છીએ .જો એમને ખ્યાલ આવી ગયો હોય તો આપણે કેમ આપણી સંસ્કૃતિ પરત્યે બેદરકાર છીએ.

નાશા જેવી સંસ્થાએ પણ આકાશમાં ઓમ્ નો ધ્વનિનાદ સંભળાય એ સ્વીકાર્યું છે . હવે આપણે આપણી સંસ્કૃતિ અપનાવવી રહી.

અંત માં કહીએ તો પચ્ચિમી સંસ્કૃતિએ આપણી સંસ્કૃતિ પર રીતસરનો કબજો જમાવ્યો છે .એમાંથી છુટકારો મેળવી આપણી સંસ્કૃતિને ફરી ધબકતી કરીએ.



**લેખક: મહેશ સોની નખત્રાણા**

# પરિપત્ર

સર્વે પોલીસ ઈન્સપેકટરનાઓ,
સબ ઈન્સપેકટરનાઓને,
જયહિન્દ સાથે જણાવવાનું કે,
મળેલી ખાનગી બાતમીને ,
ધ્યાનમાં લઈને,
સ્પેશિયલ ડ્રાઈવ કરવા સૂચના આપવામાં આવે છે.
આજકાલ આકાશ પર,
ચાંપતી નજર રાખતા,
મજકૂર ઈસમના રંગઢંગ ઠીક લાગતા નથી.
કાળાધોળા, એકનંબરી-બેનંબરી પ્રવૃતિમાં ધરખમ વધારો થયાનું માલૂમ પડેલ છે!!
આકાશમાં વાદળોની,
ગેરકાયદે હેરફેર વધવાની વકી છે.
તેને ખાતાકીય રીતરસમ મુજબ આગતા સ્વાગતા કરશો.
જરૂર પડયે બળ પ્રયોગ કરશો.
આપણામાં કળ ન હોવાથી કળ પ્રયોગ ન કરશો!!
સીઆરપીસીની ૧૫૧ હેઠળ અટક કરશો.
બીજી ઠીક લાગે તે કલમ ઠોકશો.
ઠીક લાગે તેવા આગોતરા લેશો.
હોહા થશે તો એની માને જોયું જશે!!
બહુ વાયડાઈ કરે તો એફઆઈઆર કર્યા વિના હવડ-જેલમાં ચાર મહિના ઘાલી હાથપગ ખોખરા કરશો.
હેરોઈન, ચરસ, ગાંજાના કેસમાં ફીટ કરશો.
માનવાધિકારની ઐંસી કી તૈંસી!!!
કોઈ ટિનકુટિયા નેતાની સિફારીશ લાવે તો નેતાની હવા ટાઈટ કરશો.
પિછવાડો લાલચોળ કરશો.
તહોમતદારને જાત મુચરકા ન આપશો.
પડોશી દેશમાંથી આવતા વાદળોની,
ક્રિમિનલ હિસ્ટ્રી ચેક કરવી,
પાસપોર્ટ, વિઝા ડોકયુમેન્ટ ચેક કરવા,
પવન, સૂરજ વગેરે સાહેદોના સ્ટેટમેન્ટ લેવા.
ચેકીંગ દરમિયાન વાદળો હિંસક પ્રતિકાર કરે તો,
વાદળોનું એનકાઉન્ટર કરવું!!!
લઘુમતી વાદળો જણાય તો,
ટાડા, પાસા, એનએસએ, ગુજસીટોક, લવજેહાદ કાયદાની કલમ લગાડશો!!!
પોલીસ પોર્ટલમાં પુરાવા સહિત એન્ટ્રી કરશો.
આતંકવાદી વાદળો સામે અટકાયતી પગલા લેશો.
મજકુર સાથે ટેબલ ઉપર કે ટેબલ નીચે ,
વહીવટ કરો તો અલગ ડાયરી મેઈન્ટેઈન કરી ઉપલા લેવલે હિસાબ સેટ કરશો!!!આ ડ્રાઈવમાં સારી કામગીરી ખાનગી અહેવાલ, સંવેદનશીલ જગ્યાએ બદલી, બઢતી, મેડલની ભલામણમાં ધ્યાને લેવાશે.
જો કોઈ પણ પ્રકારની ગરબડ થશે તો ????
તમોને હળવી સજા તરીકે ,
વાદળ બનવાની સજા કરવામાં આવશે!!!
મજકુર અધિકારીની સર્વિસબુકમાં એન્ટ્રી કરવામાં આવશે.
નોંધ - ફાઈલ પર મોટા સાહેબની મંજૂરી મેળવેલ છે.

**ભરત વૈષ્ણવ**

# બોલીવુડના પ્રથમ મહિલા સંગીતકાર કોણ?

બૉલીવુડમાં સંગીતકારોની વાત નીકળે તો સેંકડો સંગીતકારોના નામ યાદ આવે પણ મહિલા સંગીતકારની વાત આવે તો ઉષા ખન્ના સીવાય બીજુ કોઈ નામ યાદ આવશે નહી.

ઉષા ખન્નાનું સંગીતમાં બહુ મોટુ યોગદાન છે. ઉષાએ એકથી એક ચડીયાતી રચનાઓ આપી છે ઉષાએ લગભગ ૩૦ વરસમાં સુપર દુપર સંગીતવાલી અનેક રચનાઓ આપી છે. પણ ઉષા પહેલા ત્રણ મહિલા સંગીતકાર બૉલીવુડમાં હતા.

બૉલીવુડના પ્રથમ મહિલા સંગીતકાર હતા. એક અભિનેત્રી હતા જેમનું નામ હતું બીબ્બો. આ અભિનેત્રીનું મુળ નામ ઈશરત સુલતાના હતું. અભિનેત્રી તરીકે તેઓ એટલા બધા પોપ્યુલર હતા કે એક ફિલ્મમાં તેમનું નામ લઈને ગીત પણ આવ્યું હતું તેમની માતાનું નામ હાફિજન બેગમ હહાફિજન બેગમ પ્રખ્યાત ગાયિકા હતા. સંગીત તેમને વારસામાં મળ્યું હતું.

૧૯૩૪ માં પોતાના પતિ સાથે મળીને રેઇનબો પિક્ચર કંપની સ્થાપી તેમને એક ફિલ્મ બનાવી × અદલ એ જહાંગીર ×, આ ફિલ્મનું સંગીત ઈશરતએ પોતે આપ્યું હતું આમ બૉલીવુડને પહેલા સંગીતકાર મળ્યા હતા ઘણા સંગીતકારો સાથે બને છે એમ બીબ્બોના ગીતો પણ ઝટ મળતા નથી બૉલીવુડના પ્રથમ મહિલા સંગીતકાર હોવા તરીકેનો સુવર્ણ ઈતિહાસ હોવા છતાં તેમની રચના



શોધવા ફાંફા મારવા પડે છે એ અફસોસની વાત છે

૧૯૪૭ માં આ બીબ્બો ઉર્ફે ઈશરત પાક ચાલ્યા ગયા અને લગભગ ૧૯૬૯ સુધી અભીનેત્રી તરીકે સક્રિય રહ્યા ૧૯૭૨ માં આ પ્રથમ મહિલા સંગીતકાર અવસાન પામ્યા

બીજા મહિલા સંગીતકાર સરસ્વતીદેવી તરીકે જાણીતા છે. મુળ નામ ખોરસેદ મીનોચર હોમ ઓલ ઈન્ડિયા રેડીઓ પર બન્ને બહેનો કાર્યક્રમ આપતાં હતા ખોરસેદ અને માણેક બોમ્બે ટોકીજના હિમાંશુ રાઈએ બન્ને બહેનોને બોમ્બે ટોકીજ આવવાનું આમત્રંણ આપ્યું હિમાંશુ રોયે ખોરસેદને સરસ્વતીદેવી નામ આપ્યું

૧૯૩૬ માં અશોક કુમાર અને દેવિકારાણીની ફિલ્મ આવી અછૂત કન્યા તેનું ગીત મેંબન કી ચીડિયા આજે પણ સંગીત રસિકોમાં જાણીતું છે. સરસ્વતી દેવીમાં પ્રતિભા જબરજસ્ત હતી હિમાંશુ રોયે એમને અનેક તકો આપી મદદ કરી પ્રોત્સાહન પૂરું પાડ્યું

સરસ્વતી દેવીએ લગભગ ૩૦ ફિલ્મોમાં સંગીત આપ્યું સરસ્વતી દેવીના ગીતો ખુબ જ લોકપ્રિય બન્યા હતા ખાસ બે ગીતોના ઉલ્લેખ વગર મજા નહી આવે

તમને જાણીને નવાઈ લાગશે ×કોઈ હમદમ ના રહા × ગીત કિશોર કુમારના નામે બોલે છે ઝૂમરુંના સંગીતકાર તરીકે કિશોર કુમાર હતા પણ આ ગીત મુળ ફિલ્મ જીવન નેયા ૧૯૩૬ માં અશોક કુમારે ગાયું હતું અને સંગીતકાર હતા સરસ્વતીદેવી પછી પાછળથી આ જ ગીત ૧૯૬૧ ની ઝૂમરું માટે કિશોર કુમારે ગાયુ હતુ

બીજું ગીત છે એક ચતુર નાર આ ગીત મુળ ૧૯૪૧ની ઝૂલા માટે અશોકકુમારે ગાયું હતુ પછી ૧૯૬૮ ની પડોશન મા આ જ ગીત લેવામાં આવ્યું હતુંબીજા મહિલા સંગીતકાર હતા જદનબાઈ આ જદનબાઈ આપણી નરગીસના માતાજી થાય ૧૮૯૨ માં જન્મેલા જદનબાઈ ઓલરાઉડર હતા ગાયક સંગીતકાર નિર્દેશક નિર્માતા ડાન્સર અભિનેત્રી બધું જ હતા. જદનબાઈએ દેશભરમાં વિવિધ રેડીઓ સ્ટેશન પરથી ગીતો અને ગઝલોની સફલ રજુઆત કરી ઘણા રજવાડાઓમાં પણ તેમને આમત્રંણ મળ્યુ હતું ઘણા બધા સંગીત કાર્યક્રમોમાં જદનબાઈ ભાગ લઈ પોતાની રચનાઓ રજુ કરતા હતા,

**અબ્બાસભાઈ કૌકાવાલા.સુરત**

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




NOG SS No : 109
શિર્ષક :-સ્પર્શ
પ્રકાર :-પધ
બાબુ સંગાડા"મહેક"

આકાશ સ્તબ્ધ બની ગયું,
હવા અટકી ગઈ
ઝાડવા થથરવા લાગ્યા
ફુંલો ઝૂકી ગયા
ફોરમ જેવું લાગતું
માદક
ને નશીલું
વિહવળ હૈયું
ઠરી ગયું બરફ જેમ
ધીમું કઈ હલચલ કરવા લાગ્યું
રગોની મહીં દોડતું
ધબકતું
અટકતું
વધતું
ફુંલતું
ધીમુ હસતું
આનંદીત થતું
છલકાતું
ઉપસ્તા વલયો
ચંદ્રકળા જેવું
પૂનમના
પછી ધમધમાટ કરતું
વિસ્તરવા લાગ્યું બધે
કેમકે
એક સ્પર્શ અનાયસે થઈ ગયો!!!

★★★★★★★★★★★★★★★★★★

NOG S S N 0089

વિષય : સ્પર્શ

શીર્ષક : મુલાયમ

પ્રકાર : ગદ્ય

---

સ્પર્શ શબ્દમાં સંવેદના છુપાઈ છે. યાદોનું ઘોડાપૂર મગજમાં ઊમટી પડે. એક ચેતનાનો સંચાર સમગ્ર અસ્તિત્વમાં પ્રસરી જાય છે.

ભલે અબુધ હતાં. કશું ભાન ન હતું. મા જયારે ગોદમાં લેતી ત્યારે પરમ શાંતિનો અનુભવ થતો હતો. આપણિ સંસ્કૃતિ ભિન્ન છે. જ્યાં બે હાથ જોડી એકબીજાને આદર આપીએ થીએ. હાથ મિલાવવાની આદત પશ્ચિમની છે. જે હજુ આપણને પચતું નથી.

૨૦૦૦ ની સાલમાં બેંકમાં નોકરી કરતી. ઘરાક મારી રીતભાતથી પ્રસન્ન રહેતાં. એક ભાઈ ૭૦ ઉપરના રોજ આવતા. એક દિવસ ખુશી પ્રદર્શિત કરવા ફુલોનો ગુલદસ્તો લઈને આવ્યા .
આપતી વખતે મારી હથેળીને અણગમતી રીતે
અડક્યા.

એમનું કામ પુરુ ન કર્યું . ઓફિસમા જઈ કહ્યું હું આનું કામ પુરું નહી કરુ. મેનેજરે જઈને બાકીનું કામ પુરું કર્યું .

હવે આ સ્પર્શ ખરેખર ઘૃણા ઉપજાવે તેવો હતો. મેનેજરને વાત કરી અને મોકળા મને રડી.

પતિના પહેલા સ્પર્શનો જાદુ દરેક પરણિત યુગલે અનુભવ્યો હશે. માતાનો કોઈ પણ ઉંમરે સ્પર્શ પાવન લાગે. છે.ભાઈ અને બહેનનો નિર્મળ સ્પર્શ ,જીવતો જાગતો પુરાવો છે.

બીમારને જ્યારે મસ્તક પર કે દુખાવાની જગ્યાએ
પ્રેમ ભર્યો સ્પર્શ તેનું અડધું દુખ હરી લે છે.

પિતાનો દીકરીને સ્પર્શ સ્વર્ગનો અનુભવ કરાવે છે. જુવાન દીકરીને છેડનાર તેમજ ત્રાસ આપનાર. ખુલ્લો આમ. પાપ ભર્યું કૃત્ય કરતા હોય છે.

સ્પર્શ પાછળની સુંદર ભાવના તેને પવિત્રતાનું બિરુદ આપે છે.

ખૂબ નાજુક મુલાયમ સ્પર્શ ભલભલી યાતના દૂર કરવા શક્તિમાન છે.

★★★★★★★★★★★★★★★★★★

NOG SS No–106
વિષય-સ્પર્શ
શીર્ષક- 'તારો-મારો-કોઈનો-સ્પર્શ?'
શબ્દ-૭૮
નામ-મુક્તિદાકુમાર 'મનચલી
------------------------
આપણા અનુભવનો આપણને સ્પર્શ.
વિચાર કોઈનો,
કોકને પોતાનો સ્પર્શ!
બાળકને માતાનો સ્પર્શ
જુવાનને હૂંફ પિતાની,સ્પર્શ
યુવાન હૈયાંને નજરુંનો સ્પર્શ!
ઉકળાટને ઠંડકનો સ્પર્શ
શક્તિને ઘર્ષણનો સ્પર્શ ! માનવતાનો માનવીને સ્પર્શ,
કવિ બનવા ભાવનાનો સ્પર્શ !
મા બનવા મમતાનો સ્પર્શ,
પ્રેમ કરવા ભાવુકતાનો સ્પર્શ !
ડૂબતાંને તણખલાંનો સ્પર્શ,
કાંઠાને દરિયાનો સ્પર્શ,
અંધારને ઉજાસનો સ્પર્શ,
બીજને ધરતીનો સ્પર્શ !
દુઃખિયાંને વહાલપનો સ્પર્શ!
હા,હું લજામણી!
મને ના ગમે, તારો-મારો-કોઈનો સ્પર્શ !

# એમસીએક્સ પર કીમતી અને બિનલોહ ધાતુઓ, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સીમિત રેન્જમાં સુધારો

**ડેઈલી માર્કેટ રિપોર્ટ**
**નૈમિષ ત્રિવેદી**

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૪,૨૭,૨૮૯ સોદાઓમાં કુલ રૂ.૩૪,૧૪૧.૭૬ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૬,૭૧૮.૫૨ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ. ૨૭૪૧૩.૧૮ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૩,૬૫૮ સોદાઓમાં રૂ.૩,૫૨૬.૨૮ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૫૯,૯૩૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૯૬૫ અને નીચામાં રૂ.૫૯,૮૩૯ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૬ વધી રૂ.૫૯,૯૨૭ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૧ વધી રૂ.૪૮,૨૨૯ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૫ વધી રૂ.૫,૯૮૯ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૭૩ વધી રૂ.૫૯,૮૮૨ના સ્તરે પહોંચ્યો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો સત્રની શરૂઆતમાં ૧ કિલોદીઠ રૂ.૭૩,૮૬૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૭૪,૧૩૦ અને નીચામાં રૂ.૭૩,૫૪૮ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૭૩ વધી રૂ.૭૩,૯૪૩ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૯૧ વધી રૂ.૭૩,૮૭૩ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૨૮૧ વધી રૂ.૭૩,૮૮૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૯,૯૭૭ સોદાઓમાં રૂ.૧,૧૪૯.૬૮ કરોડના વેપાર થયા હતા. તાંબુ જૂન વાયદો રૂ.૭૨૪.૭૦ના ભાવે ખૂલી, રૂ.૨.૩૫ વધી રૂ.૭૨૭.૩૫ જ્યારે એલ્યુમિનિયમ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૦૫ વધી રૂ.૨૦૫.૭૦ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૧૮૩ના ભાવ થયા હતા. જસત જૂન કોન્ટ્રેક્ટ કોઈ ફેરફાર વગર રૂ.૨૧૬ના ભાવ થયા હતા. મિની વાયદાઓમાં એલ્યુમિનિયમ-મિની જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૧૫ વધી રૂ.૨૦૫.૮૫ સીસુ-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૧૦ વધી રૂ.૧૮૨.૯૦ જસત-મિની જૂન વાયદો રૂ.૦.૧૦ વધી રૂ.૨૧૫.૮૫ બોલાઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૫૩,૯૩૯ સોદાઓમાં રૂ.૨,૦૩૧.૪૪ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ બેરલદીઠ રૂ.૫,૮૬૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૯૨૦ અને નીચામાં રૂ.૫,૮૩૪ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨ વધી રૂ.૫,૯૦૫ બોલાયો હતો, જ્યારે ક્રૂડ તેલ-મિની જૂન વાયદો રૂ.૫ વધી રૂ.૫,૯૦૬ બોલાઈ રહ્યો હતો. નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૯૨ના ભાવે ખૂલી, રૂ.૩.૧૦ ઘટી રૂ.૧૮૯.૮૦ અને નેચરલ ગેસ-મિની જૂન વાયદો ૩ ઘટી ૧૯૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે રૂ.૧૧.૧૨ કરોડનાં કામકાજ થયા હતા. કોટન ખાંડી જૂન વાયદો સત્રની શરૂઆતમાં ૧ ખાંડીદીઠ રૂ.૫૯,૦૪૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૯,૨૦૦ અને નીચામાં રૂ.૫૮,૮૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૮૦ ઘટી રૂ.૫૮,૯૬૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલ જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૭.૯૦ ઘટી રૂ.૯૦૫.૩૦ બોલાયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૨૭૬.૮૩ કરોડનાં ૨,૧૩૧.૬૬૨ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં રૂ.૨,૨૪૯.૪૫ કરોડનાં ૩૦૩.૯૭૬ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં રૂ.૧,૦૭૬.૭૮ કરોડનાં ૧૮,૨૯,૪૮૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં રૂ.૯૫૪.૬૬ કરોડનાં ૪,૯૭,૪૮,૨૫૦ એમએમબીટીયૂ નાં કામ થયાં હતાં. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિની વાયદાઓમાં રૂ.૧૩૯.૧૯ કરોડનાં ૬,૭૫૫ ટન સીસુ અને સીસુ-મિની વાયદાઓમાં રૂ.૨૨.૮૫ કરોડનાં ૧,૨૫૦ ટન તાંબાના વાયદાઓમાં રૂ.૬૮૫.૮૩ કરોડનાં ૯,૪૪૩ ટન અને જસત તથા જસત-મિની વાયદાઓમાં રૂ.૩૦૧.૮૧ કરોડનાં ૧૩,૯૬૭ ટનના વેપાર થયા હતા. કૃષિ કોમોડિટીઝમાં કોટન ખાંડી વાયદામાં રૂ.૫.૪૦ કરોડનાં ૯૧૨ ખાંડી મેન્થા તેલ વાયદામાં રૂ.૫.૭૨ કરોડનાં ૬૩ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ એમસીએક્સ પર પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૮,૧૦૨.૫૧૧ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૮૯૮.૩૩૫ ટન, તાંબાના વાયદાઓમાં ૧૭,૨૪૨.૫૦૦ ટન, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીમાં ૨૦,૬૫૮ ટન, સીસુ અને સીસુ-મિનીમાં ૨,૪૬૪ ટન તથા જસત અને જસત-મિનીમાં ૨૪,૮૧૫ ટન, એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિની વાયદાઓમાં ૧૭,૦૬,૬૭૦ બેરલ તથા નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિની વાયદાઓમાં ૬,૩૭,૪૯,૭૫૦ એમએમબીટીયૂ, કૃષિ કોમોડિટીઝમાં કોટન-ખાંડી વાયદામાં ૨૪,૨૮૮ ખાંડી અને મેન્થા તેલ વાયદામાં ૨૮૯.૪૪ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર બુલડેક્સ વાયદામાં રૂ.૧૦.૦૬ કરોડનાં ૧૨૪ લોટનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ બુલડેક્સ વાયદામાં ૫૦૫ લોટના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ જૂન વાયદો ૧૬,૨૨૯ પોઈન્ટ ખૂલી, ઉપરમાં ૧૬,૨૫૦ અને નીચામાં ૧૬,૨૧૦ બોલાઈ, ૪૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૭ પોઈન્ટ વધી ૧૬,૨૪૩ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ. ૨૭૪૧૩.૧૮ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૫૬૯.૭૮ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૯૬૪.૪૨ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૨૪૩૪૧.૭૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ. ૧૫૩૩.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ. ૪૧૨.૯૭ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૯૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૬.૭૦ અને નીચામાં રૂ.૭૯.૬૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૩૦ ઘટી રૂ.૧૦૮.૭૦ થયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૧૯૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૦.૮૦ ખૂલી, ઉપરમાં રૂ.૧૧.૪૦ અને નીચામાં રૂ.૯.૧૦ રહી, અંતે રૂ.૧.૫૫ ઘટી રૂ.૯.૪૫ થયો હતો.

સોનું જુલાઈ રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૭૯૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૮૧૬ અને નીચામાં રૂ.૭૫૩ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૨૧.૫૦ વધી રૂ.૭૯૫.૫૦ થયો હતો, જ્યારે સોનું-મિની જૂન રૂ.૬૦,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૪૯૦ અને નીચામાં રૂ.૪૦૦ રહી, અંતે રૂ.૫૧ વધી રૂ.૪૮૪ થયો હતો.

ચાંદી જૂન રૂ.૭૫,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૧૮.૫૦ વધી રૂ.૯૬૦.૫૦ થયો હતો, જ્યારે ચાંદી-મિની જૂન રૂ.૭૪,૦૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૧,૨૨૦ના ભાવે ખૂલી, રૂ.૧૯૦.૫૦ વધી રૂ.૧,૨૮૩ થયો હતો. તાંબુ જૂન રૂ.૭૩૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન

આભાર - નિહારીકા રવિયા કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૩૩ વધી રૂ.૮.૫૮ જસત જૂન રૂ.૨૨૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કોન્ટ્રેક્ટ રૂ.૦.૪૯ વધી રૂ.૨.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જૂન રૂ.૫,૯૦૦ સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૦૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૨.૮૦ અને નીચામાં રૂ.૯૪.૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૫.૨૦ ઘટી રૂ.૧૦૨.૭૦ થયો હતો.

## શાળાનાં નિયમો જાણો

# શાળા પ્રવેશોત્સવ તપાસ કરો.શાળા પાસ છે કે નાપાસ

છ જૂન થી શરુ થઈ ગયો છે શાળા પ્રવેશોત્સવ.
આ વર્ષે ગુજરાત સરકાર દ્વારા પુર્વ પ્રાથમિક શાળાઓ, બાળ મંદિરો કાયદેસર કાર્યવાહી હાથ ધરી મંજુરી આપવાનું શરુ કર્યુ છે. બાળકની ઉંમર ત્રણ થી છ વચ હોઈ તો સરકાર માન્ય પુર્વ પ્રાથમિક શાળા મતલબ પ્લે ગ્રુપ કે જુનિયર સિનિયર બાલમંદિર અને છ વર્ષ પુર્ણ કરેલ બાળકને પ્રાથમિક શાળામાં પ્રવેશ મળશે.
સાવધાન. શિક્ષણ વિભાગ દિશા વિહીન, અંધ અને આડેધડ છે.
માન્યતા વગરની અનેક શાળા અમોએ પકડી છે. અને એ હાટડી બંધ કરવા શિક્ષણ અધિકારીને ફરજ પાડી છે.
વાચક મિત્રો આ વાંચીને સમજી લો જો આપનું બાળક અમાન્ય ખાનગી શાળામા પ્રવેશ લેશે તો, શિખામણ શેઠની ઝાંપા સુધી.
શિક્ષણ વિભાગના અધિકારીઓ સાવરણીનાં ઠૂંઠા જેવાં છે.
વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ જાતીય પ્રમાણપત્ર તૈયાર કરી આપવા મદદરૂપ થવાનું હોય છે. જીલ્લા કલેક્ટરનો આદેશ છે.
જો નામ માં ભુલ હોય તો સુધારી આપવાનું હોય છે.
શાળા કોઈ પણ વિદ્યાર્થીને સજાના ભાગરૂપે શાળા છોડવાનું પ્રમાણપત્ર પકડાવી શકે નહીં.
દરેક શાળામાં રમતગમતનું મેદાન અને બાળકોની સલામતી માટે કાળજી રાખવી જરૂરી છે. હવે તો દરેક વર્ગમાં સીસીટીવી કેમેરા ગોઠવવા ફરજીયાત, ફાયર સેફ્ટી ગોઠવવી અને ઓડિટ રિપોર્ટ કરાવવું ફરજીયાત.
દરેક શાળાના અલગ અલગ આચાર્ય હોવા જોઈએ.
એક જ વ્યકતિ બે ચાર સ્કૂલના આચાર્ય તરીકે સહી કરી શકે નહીં.અને એમણે પણ બાળકોને ભણાવવું ફરજીયાત છે.
પોતાના પાપમાંથી,
જવાબદારીમાંથી હાથ ખંખેરી
દોઢ ડાહ્યા સલાહ આપે છે કે શું કામ ખાનગી પ્રાથમિક શાળામાં પ્રવેશ લીધો હતો.
ખરેખર મફત અને ફરજીયાત શિક્ષણ મેળવવાના અધિકાર હેઠળ તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ ઘર નજીક મળી રહે એનું આયોજન બાળકના જન્મ પહેલાં છ વર્ષ પહેલાં સરકાર, ક્લેકટર અને શિક્ષણ અધિકારીઓએ કરવાનું છે.
આ બાળકોનો જન્મ સિદ્ધ મળેલો સંવિધાનિક અધિકાર છે.
સરકાર ખુબ ચાલાક છે. પ્રાથમિક શિક્ષણ સુવિધા ઉભી કરતી નથી અને પ્રજાને પ્રાઈવેટ શાળામાં પ્રવેશ લેવો પડે એવી ચાલાકી કરે છે.
ધીરે ધીરે સરકારી શાળાઓ બંધ કરી રહી છે.
અરેરે. જોયું હમણાં જ હજારો બાળકોની જ્ઞાનસેતુ યોજના હેઠળ પરીક્ષા લીધી અને આખેઆખી યોજના જ બંધ કરી દેવામાં આવી. હવે નવા નવા તુક્કા અજમાવી નાટક ખેલ બંધ કરવામાં આવશે.
પ્રજાને લાચાર બનાવે છે. અને નવાં નવાં તુક્કા અજમાવી દયા દાન કરતાં હોય એવાં દેખાડા કરી જનતા ઉપર અહેસાન કરતાં હોય એવું વાતાવરણ અને આયોજન કરે છે.
સમગ્ર શિક્ષા અભિયાન મિશન હેઠળ ગુજરાતના શિક્ષણ વિભાગ દ્વારા કરોડો રૂપિયાના નાટકો અને કૌભાંડ થાય છે.
તાજેતરમાં આવાં કિસ્સા ઝડપાયા છે.
વાડ જ ચીભડાં ગળે તો તપાસ કોણ કરે ?
માત્ર સુરતમાં ૪૦૦ કરોડનો વહિવટ થાય છે, ગણતરી કરો ગુજરાતમાં કેટલો મોટો વહિવટ થતો હશે.
આરટીઈ એકટ ૨૦૦૯ હેઠળ કોઈ પણ બાળક પ્રાથમિક શિક્ષણ થી વંચિત રહી ના જાય તેની તકેદારી રાખવી એ સરકારની ફરજ છે.
હાં હાં હાં. મફ્ત પ્રાથમિક શિક્ષણ, ઘર નજીક, યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકો દ્વારા આપવું એ સરકારની જવાબદારી છે.
કોઈપણ બાળકને ઉંમર પ્રમાણે યોગ્ય ધોરણમાં પ્રવેશ આપતાં કોઈ પણ શાળા આચાર્ય કે શાળા સંચાલક કે શિક્ષણ અધિકારી રોકી શકે નહીં.
જો બાળક દશ વર્ષનું હોય અને ધોરણ એક, બે કે ત્રણમાં અભ્યાસ માટે જઈ શક્યું નથી તો એવા બાળકને ઉમર પ્રમાણે ધોરણ ચારમાં સીધો પ્રવેશ આપવો પડે અને બીજી ખાસ વાત એ બાળકને છૂટી ગયેલું શિક્ષણ શાળાએ ખાસ આયોજન કરી આપવાનું હોય છે.
હમણાં જ એવા વાવડ મળેલ કે આરટીઈ પ્રવેશ માં અનેક ગોટાળા અને ગેરરીતિ આચરતા લોકો ઝડપાયા.
ચાર વર્ષ પહેલાં અમોએ ૨૦૦૦ કરતાં વધુ બોગસ આવક દાખલા દસ્તાવેજો પકડાવ્યા હતાં. આ કૌભાંડનો રેલો મોટાં મોટાં અધિકારીની સીટ હેઠે આવ્યો તો આજ સુધી કોઈ સામે પોલીસ કેસ દાખલ કરવામાં આવ્યા નથી.
મને ખબર છે આપ આ લેખ વાંચી બધું ભુલી જશો.
પરંતુ આટલું અવશ્ય યાદ રાખજો.
જો આપના બાળકને જે શાળામાં પ્રવેશ અપાવશો.
એ શાળામાં યોગ્ય લાયકાત ધરાવતા શિક્ષકોના હોય તો એવી શાળામાં આપના બાળકને પ્રવેશ અપાવશો નહીં અને ભુલથી અપાઈ ગયો હોઈ તો એક પણ રૂપિયો ફી આપશો નહીં. જો નાટક કરે, ધમકી આપે તો તાકીદે એ બાબતે જિલ્લા કલેક્ટરને લેખીત ફરિયાદ કરજો.
બાળઆયોગ કમિશનર ગાંધીનગરને ફરિયાદ કરજો.
જીલ્લા શિક્ષાધિકારીને ફરિયાદ કરજો.
ફરિયાદ દાખલ કરી સાત દિવસ પછી માહિતી અધિકાર હેઠળ અરજી કરી તમારી ફરિયાદ અન્વયે જે કાર્યવાહી કરવામાં આવી છે એની તમામ કાર્યવાહીની, કરેલાં આદેશ, કરાવેલી તપાસ, જે અધિકારીએ તપાસ કરી, હૂકમ કર્યો એમનાં નામ, ફરિયાદ નોંધાવી હતી એનો નોંધ નંબર, નોંધ તારીખ ની માહીતી માંગજો.
વાલી રૂપિયા ખર્ચ કરી એનાં બાળકનું શિક્ષણ ખરીદે છે એ વાલી શાળાનો ગ્રાહક છે, ગ્રાહક સુરક્ષા ફોરમ કોર્ટમાં , વકીલ રોકયા વગર ફરિયાદ કરી શકો છો.ફરિયાદ દાખલ કરજો.
અને આપના બાળકના ભવિષ્ય સાથે ચેડાં કરનારા સામે પોલીસ કેસ દાખલ કરજો. શાળામાં બાળકની સાથે કોઈ પણ શારીરિક માનસિક અત્યાચાર, અકસ્માત કે દુરાચાર થાય તો સીધાં જ આરોપી શિક્ષક, આચાર્ય અને એ શાળાનું મેનેજમેન્ટ છે.
બાળક ભણે કે ના ભણે, ભણાવતાં પહેલાં શાળા પાસ છે કે નાપાસ એની ખાતરી કરજો.
શાળા નાજાયજ છે કે જાયજ. શાળા કાયદેસર મંજુરી વાળી, માન્યતા વાળી છે કે ગેરકાયદેસર જન્મેલ લાવારિશ.
ooooooo
**દિપક પટેલ. શિક્ષણ પ્રહરી. સુરત, આરટીઆઇ કાર્યકર્તા.**

# પરમગતિ નિરંતર પ્રદાન કરે તે પરમહંસ: મોરારીબાપુ



વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)
પશ્ચિમ બંગાળના કોલકત્તાના બેલુર મઠ ખાતે પુ. મોરારિબાપુના વ્યાસાસને યોજાયેલી રામકથા" માનસ -પરમહંસ" છઠ્ઠા દિવસે આજે તા૮-૬-૨૩ ના રામ જન્મથી વિરામ પામી.

પુ.મોરારિબાપુએ વાણીને મુખર કરતાં કહ્યું કે ઓશો અંગેની જિજ્ઞાસા માટે કહેવું જોઈએ કે સત્ય જયાંથી મળે ત્યાંથી સ્વીકારવું જોઈએ.આપણી વેદ વાણી પણ કહે છે'આનો ભદ્રો ક્તવ' અહીં આ જ વાતનું સંધાન છે.મને ઓશોના જન્મદિને નિમંત્રણ પ્રાપ્ત થયું છે. ગરુડ મહાજ્ઞાની જ્ઞાની હતા છતાં પણ કાક પાસેથી સાંભળે છે. શ્રોતાઓએ ઉત્તમ વક્તાની ખોજ કરવી જોઈએ. વક્તાના કેટલાક લક્ષણો છે. તેમાં એ શ્રોતાને અજ્ઞાની ન સમજે, પ્રિય સત્ય બોલે અને પ્રકાશ પૂંજ તેમની પાસે જે બોલાવે તે બોલતાં હોય! માત્ર વક્તામાં વાક્પટુતા એ જરૂરી નથી. શ્રદ્ધાના ત્રણ પ્રકાર છે. શાસ્ત્ર શ્રદ્ધા ,સંગની શ્રદ્ધાં,અઅને આત્મજા શ્રદ્ધા હોય. વક્તા એવો હોવો જોઈએ કે તેનું જીવન એ માત્ર કથા હોય. ઘણીવાર વક્તાનું મૌન પણ બોલતો હોય છે.શ્રોતા એવા વક્તાની ખોજ કરે અને પછી નિર્ણય કરે. અવધૂતના બાર લક્ષણો છે. મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકારનો લય થઈ જાય તે પરમપ્રેમ છે. બધી ભાષાનો પાસવર્ડ ઈષ્ટ છે. ગુરુ એ બ્રહ્મને પણ ભુલાવી દે છે. કૃષ્ણનું રૂપ, રામનું નામ અને કૈલાશ જેવું ધામ અને ચોથું બુદ્ધ પુરુષની લીલા આ બધું જ નોંધપાત્ર છે. પરમ સત્યને સત્ય જો સામસામે આવી જાય તો પણ પરમ સત્યને છોડવું ન જોઈએ.નિરંતર પરમગતિ પ્રદાન કરે તે પરમહંસ છે.

કથાના ક્રમને આગળ વધારતાં બાપુએ સતી અને શિવ વચ્ચેનો સંવાદ અને પછી સતીનું અગ્નિશયન અને ત્યારબાદ પુનઃ હિમાલયને ત્યાં તેમનો જન્મ થવો અને આ રામ બ્રહ્મ હોવાનાં સંશયને તોડવા શિવ પાસેથી રામની કથા સાંભળવી. એ કથાના સંદર્ભમાં રામજન્મ આજે થયો હતો. રામ જન્મના પાંચ હેતુઓ મુખ્ય છે. જેમાં જય વિજય, જલંધરનું નિર્વાણ, નારદજીનું વિશ્વ મોહિનીમાં ફસાવવું, મનુ શત્રુપાની અખંડ સાધના અને પાંચમો પ્રતાપભાનુ નામના રાજાનું રાવણના રૂપે અવતરણ થઈને તેમનું પણ નિર્વાણ આ બધાં હેતુઓ રામ જન્મના વર્ણવાયા છે.

આખરે આજે રામજન્મ સાથે કથાને વિરામ આપવામાં આવ્યો હતો.યજમાન શ્રી અરુણભાઈ શ્રોફ દ્વારા કથાની સુદંર વ્યવસ્થા કરવામાં આવી છે.



નવસારી ખાતે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ હસ્તકની કન્યાશાળા નં-૦૧નું ખાતમુર્હત ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી સી.આર.પાટીલજી ના હસ્તે કરવામાં આવ્યું.જેમાં શ્રી સી.આર.પાટીલજીએ જણાવ્યું હતું કે નવસારી મહાનગરપાલિકા બને તેવું અમે પણ ઈચ્છીએ છીએ.બુલેટ ટ્રેનનું કામ નવસારી જીલ્લામાં ઝડપથી થઈ રહ્યું છે.નવસારીનો સુવર્ણકાળ આવી રહ્યો છે અને એનો લાભ સૌ નવસારી નગરવાસીઓને મળે એવી હું આશા વ્યકત છું.આ પ્રસંગે ધારાસભ્યશ્રીઓ શ્રી રાકેશભાઈ દેસાઈ,શ્રી આર.સી.પટેલ,જીલ્લા પ્રમુખશ્રી ભુરાભાઈ શાહ, નવસારી વિજલપોર નગરપાલિકાના પ્રમુખશ્રી જિગીષ શાહ સહીત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# દીકરીનો બાપ કે નરાધમ સાપ

લાગે છે કે કળિયુગ ધીરે ધીરે એની પરાકાષ્ઠાએ પહોંચવા લાગ્યો છે. શાસ્ત્રોમાં જણાવ્યા અનુસાર, કળિયુગમાં આપણને અવનવી ના જોયેલી અને ના સાંભળેલી વાતો જોવા અને સાંભળવા મળશે. આ કળિયુગ ક્યાં જઈને અટકશે એનો જવાબ તો માત્ર ઈશ્વર જ આપી શકે તેમ છે.

છેલ્લાં બે ત્રણ દિવસથી ગુજરાતના નાના મોટા તમામ સમાચારપત્રોમાં એક સમાચાર સુરખીઓમાં છે કે અમદાવાદના વેજલપુર વિસ્તારમાં એક નરાધમ કળિયુગી પિતાએ, પોતાની ખીલતી કળી સમાન દીકરીને વખતોવખત પોતાની હવસનો શિકાર બનાવીને પીંખી નાંખી છે. એ નરાધમ પિતા એટલો બધો હવસખોર છે કે દીકરીના લગ્ન પછી પણ તેને ધાકધમકી આપીને તેનો ઉપભોગ કરતો હતો. આવા દુષ્ટ પિતાઓ ધિક્કારને પાત્ર છે અને સમાજમાં કલંક સમાન છે. આવા દુરાચારી અને અધમ પિતાઓને તો જાહેરમાં ફાંસીની સજા આપવી જોઈએ. જે પિતા પોતાની ફૂલ સમાન પુત્રીની અસ્મત લુટે એ વ્યક્તિનો શો વિશ્વાસ કરી શકાય? સમાજે આવી વ્યક્તિઓનો તદન બહિષ્કાર કરવો જોઈએ. આ તો માનવના સ્વરૂપમાં દાનવ કહેવાય કે જેણે પિતા પુત્રીના પવિત્ર સંબંધો ઉપર પાણી ફેરવી નાંખ્યું છે.

જેમ સાપ કોઈની શેહશરમ ભરતો નથી અને એના પાલક અને ઉછેરકર્તા મદારીને પણ વખત આવ્યે ડંખ મારી લે છે. એવીજ રીતે આવા વાસનારૂપી કીડા, જે સમાજની નજરે બાપ કહેવાય છે, પરંતુ એને તો ઠેર ઠેર વાસના અને કામના જ નજર આવે છે અને બહાર એમની વાસના ના સંતોષાય ત્યારે પોતાની યુવાન પુત્રીનું શીયળ (ચારિત્ર) લુંટવાની અધમ ચેષ્ટા કરે છે. આવા હલકી અને હિન વૃત્તિ વાળા પિતાઓ પોતાની નિર્દોષ પુત્રીનું ચારિત્ર અબોટતા જરાયે અચકાતા નથી.આવા વ્યક્તિઓ એટલી બધી હિન વૃત્તિના હોય છે કે એમને એમનાં આવા શયતાની દુષ્કૃત્ય સામે સહેજપણ શરમ, ખેદ, રંજ કે અપરાધભાવ અસર કરતા નથી. ઉપરથી આવા નલાયકો એવી દલીલ કરે છે કે, જે આંબો માળી ઉછેરીને મોટો કરે છે એના ફળ ખાવાનો એને અધિકાર હોય છે. પરંતું એ દુષ્ટો એવું સમજતા નથી કે આંબો અને સગી દીકરી વચ્ચે આસમાન જમીન જેટલો ફેર હોય છે. આવા તો કેટલાય કિસ્સા અગાઉ અખબારોના પાના પર ચમકી ગયા છે અને અમુક કિસ્સાઓમાં દીકરીઓ શરમની મારી પોતાની તથા પોતાના બાપની ઈજ્જત ખાતર મોઢું સીવી લે છે અને પિતા વિરુદ્ધ ફરિયાદ કરવાનુ ટાળે છે અને કોઈને પણ કશું જણાવતી નથી અને મનમાં ને મનમાં મૂંઝાયા કરે છે તો કેટલીક ભાવુક દીકરીઓ આત્મહત્યાનો માર્ગ અપનાવે છે. આતો વાડ જ ચીભડાં ખાય એવી હકીકત છે. હજુ તો કળિયુગ એની કેવી અકળ લીલાઓ બતાવશે, એ તો આવનારો સમય જ બતાવશે. આ કળિયુગ માટે મેં બે તુક રચી છે જે પ્રસ્તુત છે.

" રે, કળિયુગ કરતો કેવા ઉધામા,
કેવી સરજે તારાજી, દીકરીનું યૌવન
લુંટીને, કળિયુગી જનક થાય રાજી".

" પિતા પુત્રીના સંબંધો ઉપર,
નરાધમે ફેરવ્યું પાણી, તાત જેવો તાત
થઈને, પુત્રીના યૌવનની કરે ઉજાણી
".

યોગેશભાઈ આર જોષી
હાલોલ: ૩૮૯૩૫૦, જી. પંચમહાલ

# પૃથ્વીની સંભાળ રાખીને આધ્યાત્મિક પ્રગતિ કરો - સંત રાજીન્દર સિંહજી મહારાજ



પૃથ્વી ગ્રહ જીવન ટકાવી રાખે છે. પૃથ્વીનું સન્માન કરવું એ અહિંસાનું એક પ્રકાર છે, જેમાં આપણે પ્રેમ, કાળજી સાથે આપણા ગ્રહ ની સારવાર કરીયે.. આમાં માનવતાથી લઈને પ્રાણીઓ અને છોડ સુધીના તેના તમામ રહેવાસીઓ શામેલ છે. આપણે બધા એક જ પરિવાર છીએ.પૃથ્વી પર રહેતા અને પરિવારો એકબીજાને મદદ કરે છે તેમ, આપણને

શાંતિપૂર્ણ રીતે બધા સાથે રહેવાની રીત શોધવી જોઈએ.અહીં રહેતી વખતે, અમે જીવનની ગુણવત્તા ખાતરી કરવા માંગીએ છીએ. આપણે જીવન એવી રીતે વ્યતીત કરે કે પોતાના, મારું કુટુંબ અને વિશ્વ - બંને હવે અને આવનારી પેઢીઓ તંદુરસ્ત માર્ગ જીવનમાં જીવી શકીએ છે અને આપણા જીવન ટકાવી રાખવા માટે પૂરતી કુદરતી સંપત્તિ છે.

સંત રાજીન્દર સિંહજી મહારાજ ના હીસાબે ગ્રહની કાળજી લેતી વખતે, આપણે તેની સંભાળ પણ લેવી જોઈએ. આપણી જાતને શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસ દ્વારા આપણે ધ્યાન દ્વારા આધ્યાત્મિક રીતે વિકાસ કરી શકીએ છીએ, નૈતિક અગ્રણી જીવન અને અન્યની સેવા કરવી જોઈએ.

આધ્યાત્મિકતાનો એક ભાગ અન્યની સેવા અને આપવાનો છે. આપણી પાસે અન્ય લોકોને અને ગ્રહને આપવાની જવાબદારી છે. સૃષ્ટિના દરેક પરમાણુમાં દૈવી ચમકતી હોય છે. પૃથ્વી દિવસ પર, આપણે ગ્રહની સંભાળ કરીએ અને આધ્યાત્મિક વિકાસ કરીએ. ચાલો આપણે આપણા ગ્રહ, બધી માનવતા, છોડ અને પ્રાણીઓની સંભાળ રાખીને પૃથ્વી દિવસની ઉજવણી કરીએ, જ્યારે અધ્યાત્મિક રીતે વધીએ,

આપણને આપેલા જીવન ના આશીર્વાદનો શ્રેષ્ઠ ઉપયોગ કરીયે. - સંત રાજીન્દર સિંહજી મહારાજ



માલપુર તાલુકના સાતરડા ૨ થી રામપુર થઈ ને રામપુર બાવાનામઠ સુધીના અંદાજીત ૧ કરોડ ૩૬ લાખના રોડ નું ભૂમિપૂજન કરવામાં આવ્યું..આ પ્રસંગે માલપુર બાયડ ના ધારાસભ્યશ્રી ધવલસિંહ ઝાલા , તાલુકા પંચાયતના પ્રમુખશ્રી સંજયભાઈ પટેલ , અરવલ્લી જિલ્લા પંચાયતના સામાજિક અને ન્યાય સમિતિના ચેરમેન રાજન પ્રણામી , તાલુકા પંચાયત ના કારોબારી અધ્યક્ષ ભાગ્યશ્રીબેન પંડ્યા , માલપુર ભાજપા ના પ્રમુખ સંજયભાઈ જયસ્વાલ , તાલુકા સદસ્ય ભીખાજી ખાંટ , સાતરડા સરપંચશ્રી જયમીનભાઈ પંચાલ , પૂર્વ સરપંચશ્રી પ્રકાશભાઈ પટેલ , વાંકાનેડા સરપંચશ્રી બાલુજી કોટવાલ , ભાજપા ના હોદ્દેદારો , કાર્યકર્તાઓ , તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા..

# અરવલ્લીના માલપુર તાલુકાના નાનાવાડા ગ્રામ પંચાયત ખાતે યોજનાકિય ઝૂબેશનું આયોજન



અરવલ્લી જિલ્લાના માલપુર તાલુકાના નાનાવાડા ગ્રામ પંચાયત ખાતે વારસાઈ, ગંગાસ્વરૂપ આર્થિક સહાય યોજના, નિરાધાર વૃદ્ધ સહાય યોજના, વયવંદના સહાય યોજના,રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના,આધારકાર્ડ અપડેટ, રેશનકાર્ડ, જેવી કામગીરી કરવાની ઝુંબેશ નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્થળ ઉપર જ આ તમામ પ્રકારના લાભાર્થીઓને યોજનાકિય માહિતી આપવામાં આવી હતી અને કામગીરી કરવામાં આવી.

ગોપાલપુર, પરસોડા, રીછવાડ, હમીરપુર, ચંફરી, નવા તખતપુરા, ડોડીયા, માનવાવ, ઝાલમપુર ગામની પ્રજાએ લાભ લીધો.

# કપરાડાના જોગવેલમાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક કીટનું વિતરણ કરાયું



વલસાડ તા. ૯ જૂન

કપરાડા તાલુકાના આદિવાસી વિસ્તારમાં ધો. ૧ થી ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિક્ષણમાં મદદરૂપ થઈ શકે તે માટે વલસાડના વેસ્ટર્ન રેલવે એમ્પ્લોઈઝ યુનિયનના રિટાયર્ડ રેલવે એસોસિએશન દ્વારા છેલ્લા ૮ વર્ષથી સેવાકીય પ્રવૃતિઓ કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે કપરાડાના જોગવેલ ગામમાં ધો. ૧ થી ૧૦ના ૯૦ થી વધુ વિદ્યાર્થીઓને નોટબુક, કંપાસ, પેન્સિલ, પેન, શાર્પનર અને રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે રિટાયર્ડ રેલવે એસોસિએશનના ચેરમેન રઘુનાથભાઈ જી.ચૌહાણ, સેક્રેટરી એન.પી.સોલંકી, જોઈન્ટ સેક્રેટરી મોહમંદ શફીક ખાન તેમજ પરિમલ ધ્રુવ અને નંદાભાઈએ જહેમત ઉઠાવી હતી.

# મે માસમાં પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા ૨૬૦ એકમો અને ગંદકી કરતા ૪૨૨ કોમર્શિયલ એકમો સામે મહાનગરપાલિકાની કાર્યવાહી.....



ગાંધીનગરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત શહેર બનાવવાનાં મિશન અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. ગાંધીનગર મહાનગરપાલિકાના દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરતા એકમો તેમજ ગંદકી કરતા એકમો સામે સખ્ત કાર્યવાહી કરવામાં આવી રહી છે. સેનિટેશન શાખાની ટીમ દ્વારા મે માસ દરમ્યાન જાહેરમાં ગંદકી કરતા ૪૨૨ કોમર્શિયલ એકમો પાસેથી રૂ. ૧,૫૩,૦૦૦/- અને પ્રતિબંધિત પ્લાસ્ટિકનો વપરાશ કરતા ૨૬૦ એકમો પાસેથી રૂ.૧,૯૨,૦૦૦ /- વહિવટી ચાર્જ તરીકે વસૂલવામાં આવ્યા છે.આ અંગે માન. કમિશનરશ્રીએ જણાવ્યું હતું કે, ?શહેરને સ્વચ્છ અને પ્લાસ્ટિક મુક્ત બનાવવામાં નાગરિકોની સહભાગીતા આવકારદાયક છે. ગંદકી ન કરીને આપણા શહેરને સ્વચ્છ રાખવામાં ભાગીદાર બનીએ. ?

તેઓએ વધુમાં જણાવ્યું હતું કે, આગામી દિવસોમાં પણ આ ડ્રાઈવની કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે અને ગંદકી કરતા તેમજ પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરનારાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવશે.

## મોડાસા ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજ બેસણું



દિલગીરી સાથે જણાવવાનું કે મારો દિકરો
**સ્વ.મૃગેશ પ્રદ્યુમનભાઈ જોષી** તા.૬-૬-૨૦૨૩ના રોજ દેવલોક પામેલ છે. પ્રભુને ગમ્યું તે ખરૂ. ઈશ્વર તેમના દિવ્ય આત્માને શાંતિ આપે. સદ્ગતનું બેસણું તા.૧૦-૬-૨૦૨૩ને શનિવારના રોજ સવારે ૯-૦૦ થી ૧-૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.
સ્થળ :- વસંતવાડી, બાલવાટીકાની પાછળ, કાંકરીયા, મણીનગર, અમદાવાદ. મો. ૯૦૯૯૬૯૦૮૭૬
**લિ. પ્રદ્યુમનભાઈ ગૌરીશંકર જોષી**
ભારતીબેન પ્રદ્યુમનભાઈ જોષી | ગં.સ્વ.સોનિયાબેન મૃગેશભાઈ જોષી
પ્રિતેશ પ્રદ્યુમનભાઈ જોષી | હર્ષ મૃગેશભાઈ જોષી
તથા સમસ્ત સ્વ.ગૌરીશંકર જમનાશંકર જોષી પરિવાર - માલપુર
સાસરીપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
ભરતકુમાર ગોપાલદાસ પંડ્યા પરિવાર - મેઘરજ



નવરચિત બાળવિકાસ ટ્રસ્ટ સંચાલિત નવરચિત સ્લમ સ્કૂલ માં જરૂરિયાતમંદ બાળકોને મફત શિક્ષણ આપતી લોકનિર્ભર સ્કૂલ માં ઈન્દ્ર પ્રસ્થ ૬ ગાર્ડન ગ્રુપ સિનિયર સિટીઝન તરફથી આશરે ૪૦ બાળકો ને મફત સ્કૂલ બેગનું વિતરણ કરવામાં આવેલ હતું આ પ્રસંગે સંસ્થાના ટ્રસ્ટીશ્રી ભરતભાઈ વાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા







Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.